ISSN: 2319-202X

# અસમર્થ અને દિવ્યાંગોના સશક્તિકરણમાં સમાવિષ્ટ શિક્ષણની ભૂમિકા

**ડૉ. નિગમ બી. પંડ્યા**
આ.પ્રોફેસર, ડૉ.બાબાસાહેબ આંબેડકરઓપન યુનીવર્સીટી,અમદાવાદ.
Mo. 99798 98414 Email:- nigam.pandya@baou.edu.in

સમાવેશી શિક્ષણને સમ્મિલિત શિક્ષણના નામે પણ ઓળખવામાં આવે છે. સમાવેશી શિક્ષણ એટલે અસમર્થો, દિવ્યાંગો અને વંચિત બાળકોને શીખવા–શીખવવા માટે યોગ્ય વાતાવરણ પૂરું પાડવા માટે તેમને સામાન્ય બાળકો સાથે શિક્ષણ આપવું જોઈએ. દિવ્યાંગ અને અસમર્થ વ્યક્તિને શારીરિક રીતે એટલું બધું નુકસાન નથી થતું જેટલું નુકસાન સામાજિક અને મનોવૈજ્ઞાનિક રૂપે (વ્યવહારથી) થાય છે. દિવ્યાંગ વ્યક્તિ માનવાધિકારનો પુરેપૂરો ઉપયોગ નથી કરી શકતો અને એવું અનુભવે છે કે તે જીવનમાં સામાન્ય લોકો કરતાં પાછળ રહી ગયો છે. આ પ્રકારની પરિસ્થિતિમાંથી તેને બહાર લાવવા માટે વ્યવસ્થિત રીતે શિક્ષણના પ્રયાસો થતા રહે છે. આ માટે ઘણા લાંબા સમયથી ચર્ચા ચાલી રહી છે કે, આવા દિવ્યાંગ બાળકોને અલગ શાળામાં શિક્ષણ આપવું કે સામાન્ય શાળામાં અન્ય બાળકો સાથે શિક્ષણ આપવું ? કેટલીક સંસ્થાઓ દિવ્યાંગ બાળકો પ્રત્યે થઈ રહેલા ભેદભાવને ધ્યાનમાં રાખી તેમના રોજગાર તેમજ શિક્ષણના એકીકરણની માંગને પ્રોત્સાહન આપે છે અને તેથી અલગ શિક્ષણ સંસ્થાઓનો વિરોધ કરે છે. આમ છતાં પરંપરાગત વિચારસરણી ધરાવનારા લોકો દિવ્યાંગ અને અસમર્થોને સામાન્ય બાળકો સાથે ભણવા–ભણાવવા અંગે શંકિત છે.આમ છતાં એક મોટો વર્ગ એવો છે જે દિવ્યાંગો અને અસમર્થો પ્રત્યે સહાનુભુતિપૂર્ણ દ્રષ્ટિ રાખી તેમને સમ્મિલિત શિક્ષણ મળે તે માટે પ્રોત્સાહન આપે છે. અર્થાત આપણે એમ કહી શકીએ કે, અલગ–અલગ કરેલા સમુહો સાથે બધા બાળકોને શાળાના મુખ્ય પ્રવાહ સાથે ભેળવી દેવામાં આવે. ફળસ્વરૂપે તેઓ સારું શિક્ષણ મેળવવામાં પોતાની દાવેદારી નિશ્ચિત રીતે સિદ્ધ કરી શકે. ભારતીય સંવિધાનમાં તમામ બાળકો માટે મફત અને ફરજીયાત શિક્ષણની જોગવાઈ કરવામાં આવી છે.


**<u>વ્યાખ્યા અને વિશ્લેષણ :</u>**

સંવિધાનનાની આ જોગવાઈ અનુસાર આમાં શારીરિક, માનસિક, ભાવાત્મક, સામાજિક તેમજ દિવ્યાંગ બાળકો શામિલ છે. ઈ.સ. ૨૦૧૧ ની વસ્તીગણતરી પ્રમાણે ૧૨૧ કરોડની વસ્તીમાં ૨.૬૮ કરોડ વ્યક્તિ દિવ્યાંગ છે, જે ભારતની કુલ વસ્તીના ૨.૨૧ ટકા છે.

કોષ્ટક ૧


| જનસંખ્યા૨૦૧૧ | | | અસમર્થજનસંખ્યા ૨૦૧૧ | | |
|---|---|---|---|---|---|
| કુલવ્યક્તિ | પુરુષ | સ્ત્રી | કુલ વ્યક્તિ | પુરુષ | સ્ત્રી |
| ૧૨૧.૦૮કરોડ | ૬૨.૩૨ કરોડ | ૫૮.૭૬ કરોડ | ૨.૬૮ કરોડ | ૧.૫ કરોડ | ૧.૧૮ કરોડ |

જેમાંથી મુખ્યત્વે : ૬૯% અસમર્થોની (૧.૮૬ કરોડ) વસ્તી ગામડાઓમાં રહે છે. જયારે ૩૧% અસમર્થોની વસ્તી (૦.૮૧ કરોડ) શહેરી વિસ્તારમાં રહે છે.




Disabled Population in India – Census 2011


૨૦૧૧ ની વસ્તી ગણતરી અનુસાર ભારતમાં મુખ્યત્વેઅલ્પદ્રષ્ટિ, કુષ્ઠરોગ, શ્રવણમંદ, મનોજૈવિક સમસ્યા, માનસિકરૂપથી વિક્ષિપ્ત, જડતા વગેરે જેવી અસમર્થતા છે. જેને ટકાવારી પ્રમાણે જોતાં આપણને સમજ પડે છે કે–





Disabled Population by type of Disability in India – Census 2011

સહુથી વધારે અક્ષમતા – ૨૦% હલન ચલન ખામી, ૧૭% દ્રષ્ટિ ખામી ૧૯% શ્રવણમંદતા અને ૮% બહુ વિકલાંગતા જેવી સમસ્યાઓથી પીડિત છે.

આપણા દેશમાં મુખ્યત્વે ૧૭% (૪૬.૨ લાખ) ૧૦–૧૨ વર્ષની આયુના સહુથી વધારે અક્ષમતાથી પીડિત છે. ૨૦–૨૯ વર્ષની આયુના ૧૬% (૪૧.૯ લાખ) અક્ષમતાથી પીડિત છે. આપણા સમાજમાં આવા લોકો કોઈકને કોઈક રીતે પોતાના હિતો અને માનવીય સંસાધનોથી વંચિત છે.





Disabled Population by in India – Census 2011




Percentage distribution of Disabled Population by age group in India – Census 2011


૫–૧૯ વર્ષના અસમર્થ બાળકોનો શાળા પ્રવેશ

૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડા અનુસાર ૬૧% અસમર્થ બાળકોને શાળા સુધી




Status of school attendance of disabled population –Census 2011


પહોંચાડવામાં આપણે સફળતા પ્રાપ્ત કરી શક્યા છીએ.આમાં ૫૭% વિદ્યાર્થીઓ અને૪૩% વિદ્યાર્થીનીઓનો સમાવેશ થાય છે.




Disabled children 5-19 years attending school in India by sex (in %)–Census 2011

સરકારી તેમજ બિન સરકારી સંસ્થાઓના પ્રયાસો પછી પણ આ ક્ષેત્રમાં ઘણું બધું કામ કરવાની જરૂરીયાત છે, કેમકે આપણો દેશ ગામડાઓમાં વસે છે. એટલેજ ૫–૧૯ વર્ષના બાળકોને શાળામાં બેસાડવાના પ્રયાસોની સહુથી વધુ જરૂર અહિયાં (ગ્રામ્યકક્ષાએ) છે.

ISSN: 2319-202X




Status of school attendance of disabled children 5-19 years by residence in India (in %)–Census 2011

૨૦૧૧ ની વસ્તીગણતરી આપણને દર્શાવે છે કે આપણા દેશમાં એક તૃતીયાંશ (૩૬%) દિવ્યાંગ અને અસમર્થને જ રોજગાર મળે છે. જેમાં ૪૭% પુરુષો અને ૨૫% મહિલાઓનો સમાવેશ થાય છે. આ પરિસ્થિતિ દૂર કરવા માટે આપણા શિક્ષણવિદો અને નીતિ વિષયક નિર્ણય લેનારા લોકોએ ગંભીરતાપૂર્વક વિચાર કરવો પડશે. વ્યાપક પ્રયત્નો દ્વારા આ પાછળ પડી ગયેલા વર્ગને (અસમર્થ અને દિવ્યાંગ) સમાજના વર્તમાન પ્રવાહ સાથે જોડવો પડશે જેથી તેઓનું ભવિષ્ય ઉજવળ બની શકે. અસમર્થોની સ્થિતિમાં સુધારો થઈ શકે તે હેતુથી અધિનિયમ ૧૯૯૫ ચુસ્ત રીતે લાગુ કરવો પડશે.

દેશને એક નવી દિશા આપવા માટે તેમજ આર્થિક વિકાસ અને સશક્તિકરણ માટે સરકાર દ્વારા અસમર્થોના મુદ્દાઓ તેમજ તેમની આવશ્યકતાઓને પ્રાથમિકતા આપવા, તથા તેમનો ઉત્તરોત્તર વિકાસ થાય તે હેતુથી જુદીજુદી નીતિઓ અને કાર્યક્રમો સમયે સમયે ઘડવામાં આવ્યા છે. આમ છતાંપણ ભારતની જનસંખ્યાનો એક મોટો હિસ્સો માત્ર એક સંખ્યા બનીને રહી ગયો છે. આ પરિસ્થિતિ દુર કરવા એક એવી સ્પષ્ટ અને સચોટ નીતિની જરૂર છે,કે જે આ સંખ્યાને સંસાધનોમાં બદલી શકે. આ ઉદ્દેશને સિદ્ધ કરવા માટે સંમીલિત શિક્ષાની અત્યંત આવશ્યકતા છે. જેમાં આધારભૂત સિદ્ધાંતોમાં નવીનતા લાવી શાળાઓનું નિર્માણ કરવું જોઈએ અથવા પરંપરાગત શાળાઓની કાયાપલટ કરીને નવા વ્યવહારિક ક્રીયાકલાપો અપનાવવાની જરૂરત છે.

<u>ઉપાય</u> :

- સંમીલિત શિક્ષણમાં દીવ્યાંગોના સમાવેશને એક પ્રયાસ રૂપે ન જોતાં સતત અને નિરન્તર પ્રક્રિયાના સ્વરૂપમાં સમજવી પડશે.

ISSN: 2319-202X

- શાળામાં એવું વાતાવરણ સર્જવું પડશે કે જેમાં અક્ષમ વિદ્યાર્થી શાળાના પરિવેશમાં સરળતાથી ભળી શકે.
- વિદ્યાર્થીઓ, વાલીઓ અને સમાજના સભ્યોએ શાળાની ગતિવિધિઓમાં ભાગ લેવો પડશે.
- પ્રાયોગિક વિકાસ પર ભાર આપવો પડશે તથા અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓને સમગ્ર પાઠ્યક્રમ, યોગ્ય પ્રવિધિઓ, યોગ્ય વાતાવરણ અને જરૂરી સહાયતા આપવાની રહેશે.
- રાષ્ટ્રીય સંસ્થાનો જેવાકે ISRO, NCERT, IGNU અને BAOU વગેરેના શૈક્ષણિક કાર્યક્રમોનો બહોળો પ્રચાર અને પ્રસાર કરી અસમર્થો અને દીવ્યાંગો સુધી પહોંચાડવો પડશે.
- નાનીનાની મોબાઇલ ટીમ રાખી તેમાં દસ શિક્ષકો રાખી સતત શિક્ષણની વ્યવસ્થા કરવી પડશે.
- પરાપૂર્વથી ચાલી આવતી વ્યવસ્થાઓનું પુનઃમૂલ્યાંકન કરવું પડશે. શિક્ષકોનો કાર્યભાર સુધારી, દીવ્યાંગો અને અસમર્થોમાં જાગરૂકતા લાવવી પડશે.
- સંસાધનોનું વિતરણ સમાન રીતે (સમ ભાગે) કરવું પડશે અને આ માટે જીલ્લા સ્તરે કે બ્લોક સ્તરે એક કમિટી કે NGO ની નિમણુક કરવી પડશે.

**નિષ્કર્ષ :**

અસમર્થો અને દીવ્યાંગોના જીવનમાં સંમીલિત શિક્ષણ એક નવો જ આધાર આપી શકે છે. પરંતુ આ ત્યારેજ શક્ય બની શકે, કે જો આપણે મુખ્યત્વે આધારભૂત સંરચના, સંવેદનશીલતા, શિક્ષણ, સમજ, સહયોગ તથા ક્ષમતા નિર્માણની પ્રક્રિયા યોગ્ય સ્વરૂપે પૂર્ણ કરી શકીએ. આ મૂળ ઘટકોના અભાવે સમાવેશનનો કોઈપણ કાર્યક્રમ સફળ ન બની શકે. આ વાત ખૂબ દુઃખદ છે કે ભારત આજે પણ આંતરરાષ્ટ્રીય માપદંડ પ્રમાણે આ ક્ષેત્રે ઘણું પાછળ છે. આપણે આ સર્વ માટે શિક્ષણનો સંકલ્પ પૂર્ણ કરવા માગતા હોઈએ તો, આ દિશામાં ખૂબ ઝડપથી વ્યાપક પગલાં લેવાજ પડશે તોજ “સૌ ભણે સૌ સુખ લણે” સાચાં અર્થમાં સાર્થક થશે.

**સંદર્ભ :**

Disabled Persons in India: A statistical Report 2016, Social Statistics Division, Government of India. गुप्ता मोतीलल (2013), भारत के समाज, जयपुर : राजस्थान हिन्दी ग्रंथ अकादमी.

गुप्ता एस.पी एवं अलका गुप्ता (2014). भारतीय शिक्षा का इतिहास, विकास एवं समस्याएं, इलाहाबाद शारदा पुस्तक भवन.

पणि नरेन्द्र (2014). भारतीय शहरो में ग्रामीण समावेशन, योजना भवन, संसद मार्ग नई दिल्ली, अंक सितम्बर पृ.सं.–19